

# રામભક્ત



वर्ष : २०, - अंक संख्या :४ - सलंग अंक : २१७
वि.सं. : २०८१ चैत्र - दिनांक : १०-०४-२०२५

# શ્રી રામનવમી

ચૈત્ર સુદ - ૯ (નવમી)

## શ્રી હનુમાનજી જન્મોત્સવ

ચૈત્ર સુદ - ૧૫ (પુનમ)

સમગ્ર રામાનંદી સાધુ સમાજના કોટી કોટી વંદન...





શ્રી ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ (રાજ્ય મંડળ)

સ્થાપના : તા.૭-૧-૧૯૭૯ ટ્રસ્ટ રજી.નં.એફ.૧૯૧ ભાવનગર

શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરૂકુળ કન્યા છાત્રાલય - સાવરકુંડલા - ૩૬૪૫૧૫

E-mail : rambhakt.svkd@gmail.com • http://www.rambhaktsvkd.org

# :: બાયોડેટા ::



## અંગત વિગતો :

નામ : કૌશલ મહેશભાઈ અગ્રાવત
જન્મ તારીખ : ૦૮-૦૮-૧૯૯૯
જન્મ સ્થળ : જુનાગઢ
ઊંચાઈ : ૫'૫''
વજન : ૭૨ KG
અભ્યાસ : M.Sc. ફાર્માસ્યુટીકલ સાયન્સ
ગ્રીનવીચ કોલેજ, UK
વ્યવસાય : ક્વોલીટી કન્ટ્રોલ આસિસ્ટન્ટ,
ક્લોન્ટમ ફાર્માસ્યુટીકલ લી.,UK
સેલેરી : ૨૬ લાખ / વર્ષ
હોબી : ટ્રાવેલિંગ, રિડિંગ

## પરીવારની માહિતી :

પિતાનું નામ : મહેશભાઈ શિવરામભાઈ અગ્રાવત
પિતાનો વ્યવસાય : નિવૃત્તિ તલાટી મંત્રી
(હાલ બિનખેતી,જમીન માપણી તેમજ રેવન્યુ વર્ક)
માતાનું નામ : સ્વ. ભારતીબેન મહેશભાઈ અગ્રાવત
ભાઈનું નામ : વિરલભાઈ મહેશભાઈ અગ્રાવત (B.E. - Civil)
ભાઈનો વ્યવસાય : સુપરવાઈઝર ઈન્સ્ટ્રક્ટર,ગવર્મેન્ટ ITI - જુનાગઢ
ભાભીનું નામ : એકતાબેન વિરલભાઈ અગ્રાવત (M.Sc., B.ed.)

## સરનામું :

"મારૂતિ કૃપા" ડો. દમાણિયાની બાજુમાં, ગોકુલ નગર, દેલવાડા રોડ, ઊના. મો.નં. :- ૯૪૨૮૯ ૫૩૨૪૪

નોધ : સાયન્સ, ગ્રેજ્યુએટ તથા સમકક્ષ ડિગ્રી ધરાવતી કન્યાનાં વાલીઓએ તેમજ UK સ્થિર થવા ઈચ્છતી કન્યાનાં વાલીએ સંપર્ક કરવો.

રૂા.૩૦૦૦/- બેંક ખાતામાં જમા મળેલ છે.

## બાયોડેટા



રૂા.૧૫૦૦/- બેંક ખાતામાં જમા મળેલ છે.

### અંગત વિગતો

પૂરૂં નામ : રામાનુજ યશકુમાર પ્રવિણભાઈ
જન્મ તારીખ : ૦૨/૦૮/૧૯૯૮
ઊંચાઈ : ૫ ફૂટ ૫ ઈંચ
વ્યવસાય : GEB, Civil Engineer
Gov.of Gujarat (Class 2)
Bhavnagar.
આભ્યાસ : Civil Engineer

### પરીવારની માહિતી

પિતાનું નામ : પ્રવિણભાઈ રૂગનાથભાઈ રામાનુજ
વ્યવસાય : વેપારી
સંપર્ક નંબર : ૯૮૯૮૫૧૧૬૧૨
માતાનું નામ : મીરાબેન પ્રવિણભાઈ રામાનુજ
વ્યવસાય : ગૃહિણી
બહેન : ફોરમબેન પ્રવિણભાઈ રામાનુજ
સરનામું : બજરંગનગર, જસદણ

### અન્ય નોંધ :

સરકારી નોકરી ધરાવતી યુવતીના વાલી તરફથી પૂછપરછ આવકાર્ય છે.

---



## PINANK ACHARYA

### PERSONAL DETAILS :

**Full Name** : Acharya Pinank
**Religion** : Hindu
**Caste** : Ramanandi Sadhu
**Marital Status** : Single
**Date of Birth** : 23/02/2000
**Height** : 5'8"
**Weight** : 75kg
**Complexion** : Fair
**Physical Status** : Fit

## BIODATA

**HOROSCOPE DETAILS :**
**Time of Birth :** 9:15AM*
**Place of Birth :** Amreli

**HOBBY :**
Riding/ Playing Guitar/
Teach Enthusiast/ Reading

**EDUCATION DETAILS :**
**Education Level** : Graduate-GTU
**Education Deatails:** B.E - I.T

**OCCUPATION / JOB :**
**Company Name:** QseapInfotech Pvt. Ltd.Vasi - Navi Mumbai
Working as Cyber Security Consultant - Gandhinagar.

**FAMILY BACKGROUND DEATAILS :**
**Fathers's Name** : Dipakbhai Manilal Acharya
**Mathers's Name** : Rekhaben Dipakbhai Acharya

**FATHER'S OCCUPATION :**
Government ITI - Principal

**MOTHER'S OCCUPATION :**
House Wife

**RESIDENTAL ADDRESS :**
Vrundavan Park 1, Lathi Road, Amreli - 365 601(Gujrat)

**CONTACT NO. :**
+ 91 94294 38135
+ 91 99980 63916

**E-MAIL ID :**
pinankacharya@gmail.com

રૂા.૧૫૦૦/- પ.નં.૭૫૨૨ થી જમા મળેલ છે.

## Bio - Data



### Personal Details :

| | |
|---|---|
| **Name** | : Nimavat Disha Ashvinbhai |
| **Caste** | : Hindu-Ramanandi Sadhu |
| **D.O.B** | : 30/07/2002 |
| **Height** | : 5.5 |
| **Weight** | : 50kg |
| **Complexion** | : Fair |
| **Education** | : ANM (Nursing) |

### Family Deatils :

| | |
|---|---|
| **Father Name** | : Asvinbhai V. Nimavat |
| **Occupation** | : Maruti Medical Agency - Visavadar |
| **Mather Name** | : Shilpaben Nimavat |
| **Brother Name** | : Dixit A. Nimavat (Married) |
| **Maternal** | : Ashokbhai H. Devmurari, Junagadh |

### Other Details :

| | |
|---|---|
| **Address** | : At.Kuba(Ravani) Ta.Visavadar, Di.Junagadh |
| **Contact** | : 99794 39194, 93137 94893 |

રૂા.૧૫૦૦/- બેંક ખાતામાં જમા મળેલ છે.

## શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરૂકુળ કન્યાછાત્રાલય સાવરકુંડલાને સ્વ.ડો.ચંન્દ્રકાંતભાઈ ડી. નિમાવતની ૭મી પૂણ્યતિથીએ છાત્રાબાળાઓને મિષ્ટભોજન સાથે દિક્ષણા -(રાજકોટ)



સ્વ.ડૉ.ચંદ્રકાંતભાઈ ડી. નિમાવત

મોટા કાલાવડ નિવાસી હાલ રાજકોટ સ્થિત ડો. મનીષભાઈ સી. નિમાવત ના પિતાશ્રી. સ્વ .ડો. ચંન્દ્રકાંતભાઈની ૭મી પૂણ્યતિથીએ રાજકોટ થી ત્યાંનો પ્રખ્યાત કેશર શીખંડ લાવી ડો.મનીષભાઈ પરીવાર સાથે ફાગણ સુદ-૧૦ તા.૦૯/૦૩/૨૦૨૫ના રોજ સાવરકુંડલા ગુરૂકુળે આવી તેમના પિતાશ્રીની ૭મી પૂણ્યતિથીએ છાત્રબાળાઓની સાથે ઊજવવામાં આવી ભોજન તૈયાર કરી બાપાને અને ભગવાનને થાળ ધરી છાત્રબાળાઓ સાથે સમુહમાં હનુમાન ચાલીસાના પાઠ કરી. ડો.ચંન્દ્રકાંતભાઈને શ્રધ્ધાંજલી પાઠવી સૌએ પ્રસાદી લીધી. શ્રીમતી નેહાબેન દ્વારા અને પુત્ર કૃતાર્થ દ્વારા દરેક છાત્રબાળાઓને ૨૦ રૂપિયા દક્ષિણા આપી સૌ સ્ટાફને પણ ૧૦૦રૂપિયા દક્ષિણા આપી. આમ રૂબરૂ આવી તિથી ઊજવવામાં આવી. આભાર સાહેબ તેમના માતાપિતા બંનેની કાયમી મિષ્ટ ભોજન તિથી પણ આપેલ છે. અને તે અનુસંધાને કાર્યાલયેથી ટેલીફોન કરતા રૂબરૂ પધાર્યા..''આભાર''

## :: શ્રધ્ધાંજલી ::



સ્વ.ભરતભાઈ મનહરભાઈ
વૈષ્ણવ - અંજાર
સ્વ.તા.ફાગણ વદ અમાસ, શનિવાર
તા.૨૯/૦૯/૨૦૨૫ (ઉ.વ.૬૮)

શ્રધ્ધાંજલિ સૂર્યઉદય અને અસ્ત થાય તે સૂર્ય નો નિત્ય કર્મ છે. પણ હે પ્રભુ મધ્યાને અસ્ત થાય તે બહુ દુ:ખની વાત છે પ્રભુ સ્વ.ભરતભાઈ મનહરદાસ વૈષ્ણવ, અંજાર સ્વ.ભરતભાઈના અચાનક અવસાનના સામાસાર સાંભળી સમગ્ર રામાનંદી સાધુ સમાજ અને સમગ્ર શ્રી ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ સાવરકુંડલા બહુજ દુ:ખી છે. સતગત આત્માને પ્રભુ શાંન્તિ આપે તેવી પ્રાર્થના... આપના પરિવાર પર આવેલ દુ:ખની ઘડીને પ્રભુ સહન કરવાની શક્તિ આપે તેવી પ્રભુને પ્રાર્થના... અનંતકૌટી બ્રહ્માંડ ના અધિપતિ પૂર્ણપુરુષોત્તમ ભગવાન શ્રી કૃષ્ણ મોક્ષ ધામમાં સ્વ.ભરતભાઈના દિવંગત આત્માને ચિર શાંન્તિ આપે પ્રભુ શ્રી રામ નિજ ચરણનું સ્થાન આપે તેવી પરમકૃપાળુ ભગવાન શ્રી રામજીના ચરણમા અંત:કરણ પૂર્વકની પ્રાર્થના... ૐ શાંન્તિ... ૐ શાંન્તિ... ૐ શાંન્તિ...

લી. શ્રી ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ સાવરકુંડલા




સોસાયટી એક્ટ રજી નં. ગુજ/૨૪૨ ટ્રસ્ટ રજી. નં. એફ, ૧૯૧ ભાવનગર

પરમ પૂજ્ય શ્રી દયારામબાપા પ્રેરીત

શ્રી ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળનું

# રામભક્ત

માસિક મુખપત્ર





**માલિક**

શ્રી ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ
શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરૂકુળ
કન્યા છાત્રાલય – સાવરકુંડલા
જિ.અમરેલી (ગુજરાત) ૩૬૪૫૧૫

**તંત્રી/પ્રકાશક**

શ્રી ભાનુપ્રસાદ ડી.રામાનુજ
ટ્રસ્ટીશ્રી,ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ

**પ્રમુખશ્રી**

અરૂણભાઈ ડી.દેવમુરારી – સાવરકુંડલા
મો.૯૪૨૭૪૯૧૦૦૬

**મહામંત્રી**

મનીષભાઈ આઈ.પિપાવત – કારિયાણી
મો.૯૮૨૪૪૮૩૭૧૨

**પ્રકાશન સ્થળ**

રામભક્ત કાર્યાલય
શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરૂકુળ કન્યા છાત્રાલય
સાવરકુંડલા – ૩૬૪૫૧૫

**મુદ્રક**

**હરિઃૐ ઓફસેટ** પાળિયાદ રોડ,બોટાદ ફોન : ૯૯૨૪૨ ૧૯૧૯૭

અધિક્ષકશ્રી : શ્રી ઘનશ્યામબાપુ (રાઘવ)-સાવરકુંડલા
મો.૯૪૨૬૯ ૭૦૩૭૩
સહતંત્રીશ્રી : શ્રી ભરતભાઇ જે. નિમાવત - વિસાવદર
મો.૯૯૭૮૨ ૩૧૩૫૧
સંપાદકશ્રી : શ્રી ડૉ.અશ્વિનભાઇ પી. રામાનુજ
મો.૯૪૨૬૨ ૨૮૦૯૮
સહસંપાદકશ્રી : શ્રી પ્રતાપભાઈ એલ.દેવમુરારી - બાબરા
મો.૯૪૦૯૩ ૩૨૧૬૫
વ્યવસ્થાપકશ્રી : શ્રી હિતેન્દ્રભાઈ એ.નિમ્બાર્ક - સાવરકુંડલા
મો.૯૪૨૬૯ ૯૯૭૧૮

**: પ્રચાર મંત્રીશ્રીઓ :**

મનહરભાઈ એન.દેવમુરારી - શિહોર મો.૯૯૨૫૯૩૭૫૧૫
રશ્મીનભાઈ સી.અગ્રાવત - સુરત મો.૯૦૯૯૮૪૬૨૦૮
સમીરભાઈ આઈ.લશ્કરી - ભાવનગર મો.૯૮૭૭૩૭૩૮૩૯

**: પેટા કાર્યાલય :**

- **શ્રી ભાનુપ્રસાદ ડી.રામાનુજ - બોટાદ**
  વિશ્વપ્રેસ, એમ.ડી. સ્કૂલ સામે, અશોક વાટિકા સોસાયટી,
  પાળિયાદ રોડ, બોટાદ. મો.૯૯૭૪૦૫૩૬૫૩
- **શ્રી ડૉ.અશ્વિનભાઇ પી. રામાનુજ - પાલીતાણા**
  ૧૦, ગુ.હા.બોર્ડ કોલોની, ચિત્રકુટ, હવામહેલ રોડ,
  મું.પો.પાલીતાણા, જિ.ભાવનગર મો.૯૪૨૬૨૨૮૦૯૮
- **શ્રી અશોકભાઇ જે. રામાનુજ - સુરત**
  મુ.કામરેજ (સુરત) શ્રૃષ્ટી રેસીડેન્સી, બ્લોક નં.૧૬, મારૂતીનગરની બાજુમાં,
  કામરેજ ચાર રસ્તા, સુરત. મો.૯૪૦૮૫૨૮૭૪૭
- **શ્રી રઘુવીરભાઇ એમ. રામાનુજ - જોરાવરનગર**
  લાઇબ્રેરી પાસે, મું. જોરાવરનગર, જિ.સુરેન્દ્રનગર - ૩૬૩૦૦૨
  મો.૯૬૬૨૫૪૫૦૫૬
- **શ્રી ઘનશ્યામભાઈ આર.નિમાવત - મોરબી**
  ઋષભનગર ૩ પ્લોટ નં.૬૫,ચબુતરા પાસે,મોરબી
  મો.૯૯૨૫૫ ૬૫૮૫૬

**પત્ર વ્યવહારનું સરનામું :-** રામભક્ત કાર્યાલય, શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરૂકુળ કન્યા છાત્રાલય,
ઉતાવળા હનુમાનજીની જગ્યા પાસે, મહાકાળી ચોક, હાથસણી રોડ,
9409851251 મું.પો.સાવરકુંડલા. જી.અમરેલી - ૩૬૪૫૧૫. મો.નં. : ૬૩૫૩૮૯૦૧૯૬, ૦૨૮૪૫-૨૯૯૩૦૦

E-mail : rambhakt.svkd@gmail.com


**લવાજમ દરો...**
ભારતમાં વાર્ષિક રૂા.૩૦૦/- મુદતી ૧૦ વર્ષ રૂા.૨૫૦૦/- છુટક કિંમત રૂા.૩૦/-
કુરીયર સેવા - ચાર્જ : સૌરાષ્ટ્ર / ગુજરાત : ૨૦૦/- વાર્ષિક
કુરીયર ચાર્જ : અન્ય રાજ્યમાં : ૩૦૦/- વાર્ષિક

**સંસ્થાને 80-G હેઠળ કરમુક્તી મળેલ છે.**
80G No. : AAFTS4033AF20224

## બેન્ક એકાઉન્ટમાં નાણા જમા કરાવવા બાબત

શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરૂકુળ કન્યાછાત્રાલય અને **રામભક્ત** મુખપત્ર માટે લવાજમ ભેટ, તિથીદાન કે કોઈપણ પ્રકારની ભેટ મોકલવા માટે બેન્કનો ઓનલાઈન ઉપયોગ કરી કોઈપણ પ્રકારના ચાર્જ વગર આપના નાણા સીધ્ધા બેન્કમાં જમા કરાવવા માટે **એક્સીસ બેન્ક** અથવા **એસ.બી.આઇ. બેન્ક**ની કોઈપણ શાખામાં **શ્રી ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ**ના નામે નીચેના ખાતા

| | | |
|---|---|---|
| ૧. એક્સીસ બેન્ક - સાવરકુંડલા | ખાતા નં. : ૯૧૮૦૧૦૦૪૦૮૬૬૩૩૫ | IFSC : UTIB0002649 |
| ૨. એસ.બી.આઇ. બેન્ક - સાવરકુંડલા | ખાતા નં. : ૬૬૦૧૫૯૩૫૦૮૫ | IFSC : SBIN0060013 |



કિરણ સૂર્યનું હોય કે આત્મવિશ્વાસનું જીવનનો અંધકાર દૂર કરી નાખે છે.



# તંત્રીની કલમે.....

## આત્મીય જ્ઞાતિબંધુ એવં વાચક વર્ગ.....
## નમસ્કાર સહ સૌને જય સિયારામ સાથ

એપ્રીલ ચૈત્ર માસ એટલે વિદ્યાર્થી મિત્રોની પરિક્ષાઓનો માહોલ. તો સૌએ પોત પોતાની કક્ષાનુસાર **"મનુષ્ય યત્ન ઈશ્વર કૃપા"** આપે કરેલ મહેનત અને તેમાં ભગવત કૃપા બની જવાથી સૌનું સારૂ પરિણામ આવે તેવી શુભ કામના. સાથે સાથે ચૈત્ર માસ આવે એટલે ગુડી પડવાથી લઈને હનુમાન જયંતિ સુધી પંદર દિવસ આધ્યાત્મિક માહોલ બની રહે છે. જેમકે ગુડી પડવો, ચેટી ચાંદથી ચૈત્રી નવરાત્રા શરૂ થાય અને નોમના દિવસે જ આપણા ઈષ્ટ શ્રી રામચંદ્રજી ભગવાનનું પ્રાગટ્ય થયું તે દિવસે એટલે **"ભયે પ્રગટ ક્રિપાલ દીન દયાલા કોશલ્યા હિતકારી"**. જ્યારે જ્યારે ભક્તો સાધુ પુરૂષ ઉપર ભીડ પડી છે ત્યારે ત્યારે બ્રહ્મ કોઈ પણ સ્વરૂપે પૃથ્વી ઉપર પ્રગટ થઈને આસુરી વૃત્તિવાળાનો સંહાર કરી સુરાજ્યની સ્થાપના કરે છે. તો રામાનંદી સાધુ સમાજ માટે તો ખાસ ત્યોહાર હોઈને આવતી પેઢીને સામેલ કરીને મહોત્સવ મનાવી રામાયણનું ગાન કરીએ. ત્યાર પછી રામચંદ્ર ભગવાનના જ અનોન્ય ભક્ત અને આપણા જ નહી હરેક સંપ્રદાયોના ઈષ્ટ **"રામભક્ત"** હનુમાનજી મહારાજનું પ્રાગટ્ય એટલે ચૈત્રી પૂર્ણિમા ! હનુમાનજી એક જ એવા **"ભક્તરાજ"** છે જે દેવ તરીકે આસ્તિકો અને નાસ્તિકો સૌ કોઈ માટે સર્વત્ર સરખા આદરથી પૂજાય છે. જ્ઞાનીઓમાં અગ્રણી એવા હનુમાનજી સેવા ધર્મના પ્રેરણા સ્ત્રોત છે.

તો આ દરેક સનાતની છે. **"સનાતન ધર્મ એટલે સર્વે ભવન્તુ સુખિનઃ"** આજ કાલ સનાતન ધર્મને ખતમ કરવાનાં હાકલા પડકારા સાથે દોષારોપાણો સહીતની ખાસ પ્રકારની કાર્યવાહી થઈ રહી છે. સનાતન ધર્મની અનેક વિશેષતાઓ છે. એણે ક્યારેય સામ્રાજ્યવાદી નીતિ અપનાવી નથી. ક્યારેય કોઈ દેશ કે અન્ય સંપ્રદાયો ઉપર બળજબરી પૂર્વક લોભ-લાલચથી પોતાનો ધર્મ (સંપ્રદાય) ઠોકી બેસાડવા માટેના હવાતિયા માર્યા નથી. અરે ! બીજા ધર્મો (ધર્મો નહી સંપ્રદાયો સનાતન ધર્મ એક જ છે)ની ટીકા કે, નિંદા પણ કરી નથી તેમજ સનાતન ધર્મ અપનાવીશ તો જ તું પાપમાંથી મુક્ત થઈશ તેવી વહિયાતો પણ કરી નથી. તે અત્યંત સહિષ્ણું ધર્મ છે. તેથી તે બીજા ધર્મનો પણ એટલો જ આદર કરે છે. સાથે સાથે વિશ્વની મંગલ કામના કરે છે. (આ બધુય બુધ્ધિ હિનતાઓને ક્યારે સમજાશે ?) જે આપ સૌએ ૧૪૪ વર્ષે આવેલ પ્રયાગરાજ તિર્થ ક્ષેત્રમાં વિશ્વનો સૌથી મોટો મહાકુંભ મેળો અને તેમાં ૫૫ કરોડ શ્રધ્ધાળુંઓ વગર નિમંત્રણે આવીને શ્રધ્ધાની ડુબકી લગાવી તે જ સનાતન ધર્મ ! તે જ સાચો સનાતની !!

શ્રી રામ જન્મની વાત આવી છે તો આપ સૌએ જોયું હશે કે, અયોધ્યામાં રામ ભગવાનની પ્રતિષ્ઠાનો પ્રસંગ કોઈ એક સંપ્રદાયના કે, ધર્મનો ન હોતો એ સમગ્ર મનુષ્ય જગત જે રામને વિવિધ સ્વરૂપે ઓળખે છે. આદર કરે છે. પૂજા કરે છે અને અનુસરે છે. તેનો આનંદોત્સ્વ પણ આપણે જોયો, જાણ્યો-માણ્યો. રામાયણ માત્ર કાવ્ય, કથા કે પરિસંવાદો પુરતુ સીમિત રહ્યુ જ નથી. ભારતીય સાંસ્કૃતિક જીવનનો ચમત્કાર છે. અને આ બધુય રામાનંદીય સાધુ સમાજનું હદય છે તે પણ સમજવું જરૂરી છે.

આપણે રામનવમી, હનુમાન જન્મોત્સવ જેવા પ્રસંગો જરૂરથી ઉજવીએ જે સારી બાબત છે; છતાં પણ જે ઘરમાં પ્રસન્ન દાંપત્ય જીવન, સ્નેહની સુગંધનો દરિયો થઈને લહેરાતો હોય, ભાઈ-ભાઈ વચ્ચે પ્રેમ-ત્યાગ અને વૈરાગ્યની ત્રિવેણી રચાતી હોય તથા કૌટુંબિક મહિલાઓમાં પણ સાખ્ય ભાવનાની સુઘડ મહેકતી હોય, એ ઘરમાં પ્રત્યેક તિથિ રામનવમી કે હનુમાન જયંતિ જ કહેવાય. અવસરને આમંત્રણ ન હોય પર્વની પરોણાગત કરવાની ન હોય. ઉત્સવના ઉકળાટ ન હોય ત્યાં હંમેશા દિવાળી, રામનવમી જ છે ! છેલ્લે :- કવિએ કહ્યુ છે - **"આજ મારી આંખમાં એ લીલ છોયો બાગ છે. શું બતાવું આપને કે, જીંદગી શું રાગ છે"** ! "પડી ગયા પછી પડી રહે તેને માટી કહેવાય અને પડ્યા પછી ઉભો થાય તેને માણસ કહેવાય"!

**"ચાલો સાથે મળી ભગવાનના વારસ બનીએ,**
**શરત બસ એટલી છે સૌ પ્રથમ માણસ બનીએ"**

તંત્રી...

શ્રી રાજુલા તાલુકા રામાનંદી સાધુ સમાજ ટ્રસ્ટ દ્વારા આયોજીત

# તૃતિય સમુહ લગ્નોત્સવ

દિવ્ય અને ભવ્ય



સમુહ લગ્નોત્સવ





ગત તારીખ ૦૨/૦૩/૨૦૨૫ને રવિવાર વિક્રમ સંવત ૨૦૮૧ને ફાગણ સુદ ત્રીજના શ્રી રાજુલા તાલુકા રામાનંદી સાધુ સમાજ ટ્રસ્ટ આયોજીત તૃતિય સમુહ લગ્નોત્સવ દિવ્ય અને ભવ્યતાથી સંપન્ન થયેલ. ઉપરોક્ત કાર્યક્રમ રાજુલા તાલુકાના રામપરા - ૨ મુકામે વૃંદાવનબાગ જે મહાન વિભુતીશ્રી રામદાસ બાપુની તપસ્થળી તેમજ ધાતરવાડી નદીના સાગર સંગમે વર્તમાન મંહતશ્રી રાજેન્દ્રદાસ બાપુ (રાષ્ટ્રીય મહામંત્રી અ.ભા. અખાડા પરિષદ અ.ભા.શ્રી પંચ નિમોર્હી અની અખાડા ભારત)ની ઉપસ્થીતી તેમજ જ્ઞાતિ હિંત ચિંતક અને રાજ્યમંડળના પૂર્વ ચેરમેનશ્રી પૂ.અમરદાસ બાપુની આગેવાની હેઠળ યોજવામાં આવેલ.

જેમાં વિશ્વ વંદનીય શ્રી પૂ.મોરારી બાપુ તથા ભાગવતાચાર્યશ્રી શરદભાઈ વ્યાસ મુળ કુંભણ હાલ ધરમપુર (વલસાડ) સહીત બળોહી સંખ્યામાં સંતો મંહતો તથા મહામંડલેશ્વરોએ હાજરી આપેલ. સર્વ પ્રથમ કાર્યક્રમની શરૂઆત સંતો મંહતો તેમજ દાતાશ્રીઓ તથા આંમત્રીત મહેમાનો દ્વારા દીપ પ્રાગટ્યથી શરૂઆત કરવામાં આવેલ.

પૂ.મોરારીબાપુના ઉદબોધનમાં પ્રસનત્તા સાથે જ્ઞાતિ ઉત્કર્ષ કાર્યક્રમોની સરાહના કરવામાં આવી તેમજ પૂ. અમરદાસ બાપુ દ્વારા થતા સમાજ ઉપયોગી કાર્યોના દરેક પાસાઓની હર્ષની લાગણી સાથે નોંધ લેવામાં આવી.

પ્રાતઃ સ્મરણીય સંતોનું આગમન વહેલી સવારથી જ શરૂ થયેલ જેમા સર્વ પ્રથમ શ્રી વિશ્વ વંદનીય મોરારીબાપુ તેમજ ભાગવતાચાર્યશ્રી શરદભાઈ વ્યાસ મુળ કુંભણ હાલ ધરમપુર પ.પૂ. મહામંડલેશ્વરશ્રી લલીત કિશોર ચરણ મહારાજ મોટા મંદિર લિંબડી, પ.પૂ. ૧૦૦૮ જયદેવચરણદાસજી મહારાજ ગૌધામ કોબડી તથા ૧૦૦૮ મુળદાસજી મહારાજ રામમઢી સુરત પ.પૂ.શ્રી ૧૦૦૮ કણીરામજી મહારાજ દુધરેજ વડવાળાની જગ્યા. પ.પૂ.શ્રી ૧૦૦૮ રાધામુકુન્દચરણદાસજી મહારાજ પાટણા પ.પૂ.મહામંડલેશ્વરશ્રી મહેશદાસબાપુ પીપાવાવધામ પ.પૂ.૧૦૦૮ સુખરામબાપુ ખાખીમઢી મેંદરડા પ.પૂ. મહામંડલેશ્વરશ્રી ગરીબદાસ બાપુ નાની ખોડીયાર પ.પૂ.શ્રી ઓલીયાબાપુ વિજય હનુમાન આશ્રમ મહુવા પ.પૂ.ભગતબાપુ ખીમનાથ મંદિર મહુવા પ.પૂ. અશોકબાપુ ગુરૂશ્રી ગોકુળબાપુ વિરવાડી હનુમાનજી

પ.પૂ.મંહતશ્રી રામચંદ્રદાસબાપુ અંબિકા આશ્રમ સુરત તથા સારાથે વિશ્વમાં અન્નક્ષેત્રથી પ્રસિધ્ધ એવા રામાનંદી પરમપંરાના સિધ્ધપુરૂષ એવા પૂ.બજરંગદાસ બાપાના આશ્રમ બગદાણાથી પધારેલ ટ્રસ્ટીઓ ભગવાન વારાહ મંદિરના મંહતશ્રી જોગીન્દરદાસબાપુ. માનવ મંદિર સાવરકુંડલાથી પ.પૂ.ભક્તિરામબાપુ, રાઘવદાસબાપા આશ્રમ મોટાકણકોટના વર્તમાન મંહતશ્રી જીતુબાપુ સુપ્રસિધ્ધ તુલશીશ્યામ મંદિરના ટ્રસ્ટીગણ. પ.પૂ.કરશનગીરીબાપુ કુંડલ પર હનુમાનજી મંદિર તથા પૂરાતન હનુમાનજી મંદિર બોટાદના મંહતશ્રી ઘનશ્યામદાસબાપુ. તેમજ તુલસીદાસ મંદિર ધોલેરાના મંહતશ્રી ઘનશ્યામદાસબાપુ, પ.પૂ. અમરદાસબાપુ દાન મહારાજની જગ્યા કાંકચ તથા ઘનશ્યામદાસબાપુ(રાઘવ) સાવરકુંડલા પ.પૂ. ચંન્દ્રેશબાપુ નિરંજની સંતોષીમાતાજી મંદિર મોવીયા,પ.પૂ.શ્રી લવજીબાપુ ખોડીયાર મંદીર નેસડી, પ.પૂ. મુકેશગીરીબાપુ નવાગામ ઢાળ, કલીર આશ્રમ વિક્ટરથી પ.પૂ. સીતારામબાપુ, મનુગીરી મહારાજ ચાંમુડા મહાદેવ, મંહતશ્રી મુકેશબાપુ નિમાવત ભુરખીયા મંદિર, મંહતશ્રી બળવંતબાપુ નિમાવત,ભુરખીયા હનુમાનજી મંદિર તથા મંહતશ્રી ઉદયબાપુ નિમાવત ભુરખીયા તેમજ મંહતશ્રી દિનબંધુદાસબાપુ કાનપર, મંહતશ્રી શામળદાસબાપુ સુરત સહીત ઉપરાંત નામી અનામી સંતોએ હાજરી આપી. કાર્યક્રમની શોભામાં અભિવૃધ્ધી કરેલ.પુ.વિશ્વવંદનીયશ્રી મોરારીબાપુ તથા શરદભાઈ વ્યાસ પ.પૂ. ૧૦૦૮ મહામંડલેશ્વરશ્રી કલીરામબાપુ દુધરેજ પ.પૂ. શ્રી ભક્તિરામબાપુ માનવમંદિર પ.પૂ. ૧૦૦૮ જયદેવચરણજી મહારાજ ગૌધામ કોલડી. પ.પૂ. ૧૦૦૮ સુખરામબાપુ ખાખીમઢી મેંદરડા પ.પૂ. ૧૦૦૮ મહામંડલેશ્વરશ્રી મધુસુદનદાસબાપુ વાવોલ તથા પ.પૂ. ભગતબાપુ ખીમનાથ મંદિર મહુવા વિ. સંતો દ્વારા વક્તવ્યમાં સમુહ લગ્ન જેવા સમાજ ઉત્કર્ષના કાર્યક્રમની મુક્તમને પ્રશંસા કરવામાં આવેલ.જે સફળતાનુ હાર્દ પ્રગટ કરે છે.

પૂ.અમરદાસબાપુ દ્વારા મુખ્ય દાતાશ્રી રામાનંદી સમાજનું ગૌરવ અને હીતેચ્છુ એવા શ્રી દિપકભાઈ પરમાનંદભાઈ નિમ્બાર્ક - અમદાવાદ તેમજ અન્ય જાજરમાન દાતાશ્રીઓ જેવા કે શ્રી અમિતભાઈ ભાયાભાઈ વાધ, જગાભાઈ ભાયાભાઈ વાધ, શ્રી જે.બી.ભાઈ લાખણોત્રા, સાદુળભાઈ દુલાભાઈ લાખણોત્રા, શ્રી સુરેશભાઈ જીવાભાઈ મકવાણા તથા ભરતભાઈ જીવાભાઈ મકવાણા, શ્રી મનુભાઈ દકુભાઈ ધાખડા તથા અશોકભાઈ સનુભાઈ ધાખડા તથા મહંતશ્રી અશોકબાપુ ગુરૂશ્રી ગોકુળબાપુ વિરવાડી હનુમાન નવસારી, તથા શ્રી જસુભાઈ નાગરદાસ પીપાવત તથા ધર્મેન્દ્રભાઈ નાગરદાસ પીપાવત તથા શ્રી સાગરભાઈ ઘોહાભાઈ ડાભીયા તથા શ્રી રાણીંગભાઈ વિજયભાઈ વાધ તથા ભોળાભાઈ બીજલભાઈ વાધ તથા શ્રી ઉર્મીલાબેન સંજયભાઈ ઢાકેચા તથા શ્રી હર્ષદભાઈ એન. લશ્કરી(બુધાભાઈ) શ્રી ઈન્દુબેન રમેશચંદ્ર રામાનુંજ તથા શ્રી આનંદભાઈ તથા ગોરધનદાસબાપુ અગ્રાવત ચલાલા તથા ચિમનભાઈ હડીંગજી ધારી.

રમેશચંદ્ર રામાનુંજ તથા શ્રીમતી શારદાબેન દેવજીભાઈ ગોંડલીયા, શ્રી ઘનશ્યામભાઈ ભોળાભાઈ લાખણોત્રા તથા ડો. જે.એમ. વાઘમશી સાહેબ તથા ધીરૂભાઈ ખુમાણ લોઠપુરવાળા તથા શ્રી તુલસીરામ મંદિરના મંહતશ્રી ઘનશ્યામબાપુ ધોલેરા તથા આંતરરાષ્ટ્રીય લોકસાહીત્યકાર શ્રી માયાભાઈ આહીર તથા માજી ધારાસભ્યશ્રી અંબરીષભાઈ ડેર તથા શ્રી શિવરાજભાઈ ભોજભાઈ કોટીલા તથા પૃથ્વીરાજભાઈ કોટીલા તથા શ્રી રઘુવિરભાઈ મણીરામજી રામાનુજ તથા શ્રી પ્રકાશભાઈ કોટીલા તથા અરજણભાઈ બાઘાભાઈ લાખણોત્રા તથા માણસુરભાઈ બાધાભાઈ વાધ શ્રીજી ગ્રૃપ તથા ભાયાભાઈ જીણાભાઈ રામ તથા લખમણભાઈ વાજસુરભાઈ રામ તથા પ્રતાપભાઈ મંગળસિક્કા તથા નજુભાઈ બીવાળા, તથાશ્રી અનિરૂધ્ધ સિંહ એન. વાળા તથા શ્રી હકુભાઈ મામૈયાબાપુ ધાખડા તથા શ્રી ચીમનભાઈ વાઘેલા તથા બાલુભાઈ લખુભાઈ ધાખડા તથા શ્રી મીઠાભાઈ સાર્દુળભાઈ લાખણોત્રા માજી તાલુકા પ્રમુખશ્રી, તથા ગ.સ્વ. વિણાબેન નારણદાસ ટીલાવત તથા પરિવાર તથા શ્રી પ્રફુલચંદ્ર ધરમદાસ રામાવત સાહેબ તથા સરસ્વતીબેન પ્રફુલચંદ્ર રામાવત તથા મધુકાંતાબેન વિશ્નુભાઈ પીપાવત વિ.નું શાબ્દીક સ્વાગત કરવામાં આવેલ તેમજ હાજર રહેલ દાતાશ્રીઓશ્રી રામાનંદપરમપરાની મોમેટ તથા રામનામ ઉપવસ્ત્ર તથા રામનામના દુપટ્ટા સાથે ભાવભેર સ્વાગત કરવામાં આવેલ. ઉપરાંત આમત્રીત મહેમાનોમાં સમાજ ના ભામાશા એવા ડો. સુભાષભાઈ અગ્રાવત તથા ડો. અશ્વિનભાઈ રામાનુજ સાહેબ તથા શ્રી ગુ.રા.રા સાધુ સમાજ ઉત્કર્ષ મંડળના વર્તમાન પ્રમુખ અરૂણભાઈ દેવમુરારી. ચેરમેનશ્રી કિશોરભાઈ નિમ્બાર્ક તથા રઘુવિરભાઈ રામાનુજ સાહેબ ત્રિપાખ સાધુ સમાજના પ્રમુખશ્રી વૈકુઠગીરી તથા અશોકભાઈ રામાનુજ તથા મનીષભાઈ પીપાવત તથા પૂર્વ ધારાસભ્યશ્રી અંબરીભાઈ તથા માયાભાઈ આહીર વિ. હાજર હતા તે સૌનું સ્વાગત સ્નમાન કરવામાં આવ્યુ.

વહેલી પરોઢે સમપસર વરપક્ષ તથા કન્યાપક્ષના આગમન થતા જ ઉતારાની વ્યવસ્થા કરવામાં આવેલ. ત્યાર બાદ દરેક મહેમાનો માટે નાસ્તામાં ગરમા ગરમ ગાઠીયા, જલેબી, સંભારો, મરચાં તથા ચાની ઉત્તમ વ્યવસ્થા ગોઠવવામાં આવી. ત્યારબાદ ચા અને દસ વાગ્યા પછી સતત શરબતની વ્યવસ્થા ગોઠવેલ. લગ્ન વિધીમાં દરેક મંડપ પર સ્વયમ સેવક બહેનોની વ્યવસ્થા કરેલ. જેની વ્યવસ્થા રાજુલા રામાનંદી સાધુ સમાજ મહીલા પાંખે સંભાળેલ. લગ્નવિધીના આચાર્યશ્રી મનસુખદાદા રાભડાવાળાએ સંપૂર્ણ શાસ્ત્રોક્ત વિધીથી લગ્ન સંપન્ન કરાવ્યા. બપોરના જમણવાર મોતીચુર લાડુ, બરફી, ભજીયા, કઠોળ, મીક્સ શાક, દાળ-ભાત, છાસ, પાપડ સહીતની વાનગીની મીજબાની દરેકે આંનદથી માણી હતી. બહેનો તથા ભાઈઓ માટે ભોજન પ્રસાદની અલગ અલગ ગોઠવણ કરવામાં આવેલ. તેમજ સાધુસંતો અને આમંત્રીત મહેમાનો તેમજ વડીલોને બેઠક વ્યવસ્થામાં ડાઈનીગ ટેબલ ઉપર જમવાની વ્યવસ્થા કરી. આશરે પાચસો જેટલા મહેમાનોને પીરસીને જમાડવામાં આવ્યા તેમા બગદાણાથી આવેલ સ્વયંસેવકો તેમજ રામપરા ગામના એવા ભાવી ભાઈઓની ટીમ તથા પૂ. અમરદાસબાપુના સેવક ગણ દ્વારા સર્વોત્તમ સેવા આપવામાં આવી.

દરેક મહેમાનો દ્વારા સંતોષ તેમજ ભાવ પૂર્વક પ્રસાદ ગ્રહણ કરવામાં આવેલ. તેમા ધણા દાતાઓ તરફથી રક્ત દાન કરવામાં આવેલ. તેમજ સર્વરોગ નિદાન તેમજ રક્તદાનનો પણ કાર્યક્રમ યોજવામાં આવેલ.

દરેક દિકરીઓને સેટી પલંગ, તીજોરી કબાટ, ફ્રીજ, ઘરઘંટી, ટી.વી., સોફાસેટ, વોશીંગ મશીન, પીતળની હેલ ત્રાસ, બુજારી, ડોલ, કડાઈ તથા વિ. પિતળની વસ્તુઓ સહિત ઘરવપરાશની દરેક વસ્તુઓ આપવામાં આવેલ. સંપુર્ણ કરીયાવર દરેક વરપક્ષ તથા કન્યાપક્ષને સાથે રાખીને અગાઉ દસ દિવસ પહેલા ભોજન પ્રસાદ કરાવી તેમજ ગોર મહારાજ હસ્તે વિધી કરીને સોપવામાં આવેલ. દરેક નવદંપતીને મેરેજ સર્ટીફીકટ પણ સ્થળ પર આપવામાં આવેલ જેમાં તલાટી મંત્રીશ્રી તથા સરપંચશ્રી તેમજ તાલુકા ડેવલોપમેન્ટ ઓફિસનો ખૂબજ સારો સહકાર મળેલ હતો. ઉપરાંત કુંવરબાઈના મામેરા પણ ફોર્મ ભરીને આગળ કાર્યવાહી કરવામાં આવેલ હતી. સમગ્ર કાર્યક્રમનું સ્ટેજ સંચાલન પ.પૂ. અમરદાસબાપુ તથા સુરેશબાપુ કોવાયા તથા મેનેજીંગ ટ્રસ્ટીશ્રી નલીનભાઈ ટીબાવત તથા વલ્લભબાપુ બાબરીયાધાર દ્વારા કરવામાં આવેલ. ઉપરાંત સ્વાગત વિધીમાં વિપુલભાઈ નિમાવત પીપાવાવધામ તથા પ્રકાશભાઈ રામાનુંજ તથા કીરીટભાઈ લશ્કરી દ્વારા કરવામાં આવેલ.

કાર્યાલય તથા દાનભેટની કામગીરીમાં સુરેશભાઈ યોગાનંદી તથા સતીષભાઈ લશ્કરી, કૌશિકભાઈ હરિનારાયણ, નિતીનભાઈ નીમાવત તથા મનોજભાઈ દેવમુરારી તથા દુષ્યતભાઈ અગ્રાવત ડો. યોગેશભાઈ લશ્કરી તથા વરૂણભાઈ રામપ્રસાદી વિ.એ કરેલી હતી. પાર્કીગ વ્યવસ્થામાં અલ્પેશભાઈ ટીલાવત, ભાવેશભાઈ નિમાવત, કુણાલભાઈ ટીલાવત, ભાર્ગવભાઈ અગ્રાવત, સ્મીતભાઈ નિમાવત, દર્શનભાઈ ટીલાવત તથા મેહુલભાઈ કુબાવત એ ખુબજ સારી રીતે સંભાળેલ. ભોજન સમારંભની વ્યવસ્થામાં દીનેશભાઈ દેવમુરારી તથા ટીમ તથા નરેશભાઈ કુબાવત તથા કાશીરામભાઈ કુબાવત, ચેતનભાઈ લશ્કરી,કલ્પેશભાઈ લશ્કરી, નિતીનભાઈ લશ્કરી, જીગ્નેશભાઈ હઠીનારાયણ તથા મયુરભાઈ રામપ્રસાદી વિ. સંભાળેલ હતી. સમગ્ર કાર્યક્રમની આભારવિધી ડો.સુભાષભાઈ અગ્રાવત દ્વારા કરવામાં આવેલ સાથે તેઓનુ સમાજ ઉપયોગી મનનીય પ્રવચન આપવામાં આવેલ. આમ ખુબજ સમયસર સ્ટેજ કાર્યક્રમ સમાપન કર્યા પછી ભોજન પ્રસાદ અને બપોરના ૩:૦૦ કલાકે કન્યા વિદાયનો કાર્યક્રમ રાખવામાં આવેલ. ખુબજ યાદગાર પ્રસંગ બની રહેલ.

**:: સંકલન ::** **તથા અહેવાલ**

અલ્પેશભાઈ ટીબાવત, નીતીનભાઈ નિમાવત કૌશિકભાઈ હઠીનારાયણ દ્વારા તૈયાર કરવામાં આવેલ.



# સ્વામીશ્રી રામાનંદાચાર્યજી શિક્ષણ સંસ્થાન્

માતૃછાયા, લાયબ્રેરી સામે, મેઈન રોડ, જોરાવરનગર, સુરેન્દ્રનગર-૩૬૩૦૨૦
E-mail : Raghuvir.ramanuj@gmail.com
ટ્રસ્ટ રજી. નં. E/1641/S'nagar. PAN : AAYTS9502M

## સ્વ સમાજ જોગ નિવેદન

તા.૧૧/૦૩/૨૦૨૪

આત્મિય સ્વજન સીતારામ,.....

આપ સૌએ તા.૧૦-૯-૨૦૨૩ ના રામભક્તમાં પ્રકાશીત સંસ્થાના સમાજ જોગ નિવેદનની નોંધ લીધી જ હશે એટલે અત્રે પુનરાવર્તન કરતાં નથી.

મૂળ યોજના પ્રમાણે રૂા- ૫૦૦૦/- દર વર્ષે અનુદાન આપતા પાંચ વરસ માટેના દાતા-સભ્યો એવા - ૨૦૦૦ - સભ્યોની અપેક્ષા હતી. તેમાંથી પ્રથમ - ૨૦૦ - થયા પછી આવા સભ્યોની મીટીંગ બોલાવીને ઉચ્ચ સ્તરીય -કાર્યવાહક સમીતી બનાવીને સંસ્થાનો કાર્યભાર સોપવાની હતી તથા કન્વીનર/ટ્રસ્ટીની જવાબદારીમાંથી મૂક્ત થવાના હતા. પરંતુ અત્યાર સુધીમાં -૩૬ -દાતા સભ્યો નોંધાયા છે જેમાં અગાઉ સમંતિપત્રોમાં આવી ચૂકેલા દાતા સભ્યોની - ૪૮ - પૈકીના મોટા ભાગનો સમાવેશ થયેલ છે. સામાન્યતઃ મધ્યમર્ગીય પરીવારનાં સમાજબંધુઓ યોજનામાં જોડાય તે અપેક્ષીત છે.'એટલે સમાજનો મોટો વર્ગ શૈક્ષણીક હેતુ માટે સંગઠીત થાય તેવો ઉદેશ્ય છે.'સમાજની ચાર -પાંચ સંસ્થાઓ આ ક્ષેત્રમાં ઊમદા અને પ્રસંસનીય કામગીરી બજાવે છે. સંસ્થાનાં તમામ કાર્યવાહકો પૂર્ણ નિષ્ઠા અને સમર્પિત ભાવથી સેવામાં કાર્યરત છે જેમાં આપ સૌ જોડાયેલ રહ્યા હતા અને ઊચીત યોગદાન આપતાં રહયાં છે. આપ સૌની શિક્ષણ માટેની પ્રતિબધ્ધતા બદલ વંદન.

ઉક્ત સંસ્થા હાલની સંસ્થાઓથી અલગ અભિગમ લઈને કાર્ય કરશે શ્રી રામાનંદાચાર્યજી શિક્ષણ સંસ્થા સ્થાપવાનો મૂળ ઉદેશ અત્યારનાં ખર્ચાળ અને મોંઘવારીનાં સમયમાં શૈક્ષણિક હેતુ માટે આપણા જરૂરીયાતવાળા બંધુઓને આર્થિક સમતુલા જાળવવા સહાયક બનવાનો છે. ઊચ્ચ પ્રતિભા સંપન્ન -તેજસ્વી વિદ્યાર્થીઓને પોતાની યોગ્યતા અનુસાર ઊચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરાવવાનો છે. સમાજના મધ્યમવર્ગીય - જરૂરીયાતવાળા તેજસ્વી વિદ્યાર્થીઓને ઈચ્છીત અભ્યાસ માટે પ્રેરીત કરવાનો છે. જેઓને આર્થીક મુંજવણને કારણે બીજી શ્રેણીના અભ્યાસ માટે સમાધાન કરવું પડે છે અથવા અભ્યાસ છોડી દેવો પડે છે. અને જે મળે તે રોજગારીમાં જોડાઈ જવું પડે છે.

ઉક્ત સંસ્થા આવા લાયક ઊમેદવારોની અંશતઃ (ફંડની ઉપલબ્ધી અનુસાર) આર્થિક સહાયતા કરશે તોપણ વિદ્યાર્થી તથા વાલીઓ -માટે આર્થિક સમસ્યાના સમાધાન માટે ઉપયોગી - સહાયક બનશે તેમજ વિદ્યાર્થી પણ પોતાના ઈચ્છીત અભ્યાસક્રમમાં જોડાઈને ઉજવળ ભવિષ્ય માટે કાર્યરત રહેશે અભ્યાસ પૂર્ણ થતા સુધી આ સહાયતા મળતી રહેશે. અભ્યાસ પૂર્ણ થયા પછી - રોજગારીના પછીના વર્ષમાં લોન/સહાયતા વગર વ્યાજે પરત કરવાની રહેશે. આમ પાંચ વરસનું cycle પૂર્ણ થતા ફંડની ઉપલબ્ધી અનુસાર Loan-cycle સતત રહેશે. એટલે પાંચ વર્ષનાં અંતે સંસ્થા પાસે સરલ ભંડોળની ઉપલબ્ધી બની રહેશે.

અત્રે આપની જાણકારી માટે જણાવતા આનંદ અનુભવીએ છીએ કે આ યોજનાના ભાગરૂપે અત્યાર સુધી પ્રાપ્ત આવેદનપત્રો પાંચ -માંથી તમામને ઉપલબ્ધ ધનરાશીમાંથી રૂ/-૫૦૦૦૦/-(દરેકને)ની મર્યાદામાં અશંતઃ ફાળવણી કરવામાં આવેલ છે જેની વિગતવાર માહિતી રજૂ છે.

| | નામ | | અભ્યાસક્રમ |
|---|---|---|---|
| (૧) | શુભમ્ કિશોરભાઈ રામદાસ બાવનીયા, | સુરત | : Medical - MBBS. |
| (૨) | આદિત્ય પ્રદિપભાઈ શામળદાસ નિમાવત | રાજકોટ | : ENQ. -CE AI. |
| (૩) | નંદીની આશીષભાઈ બાવનજી, | રાજકોટ | : Medical -BHMS. |
| (૪) | પ્રાર્થના નંદરામભાઈ મોહનદાસ આચાર્ય, | સુ.નગર | : Medical - MBBS. |
| (૫) | કાર્તિક અનીલભાઈ દિનેશભાઈ રામાનૂજ, | બોટાદ | : BE/BTech(IIT) |

આ સાથે સંસ્થાની સાથે જોડાયેલ તમામ સહયોગી દાતાઓ સભ્યોના સંસ્થા વતી આભાર માની સાથે ખુશી વ્યકત કરીએ છીએ. સંગાથે વિનંતીકે સંસ્થા સાથે જોડાયેલ રહી આ યોજના વધુ વિસ્તરે માટે પ્રયત્નો કરતાં રહીશું. સમાજને પુનઃવિનંતી કે જેવી રીતે આપણી અન્ય સંસ્થાઓ સાથે અડીખમ ઊભા રહી પ્રોત્સાહન આપતા રહ્યાં છો તેવી જ રીતે આ સંસ્થાને અપનાવી પ્રસંગોપાત - ખુશી ભેટ -દતકયોજના - તિથી અંતર્ગત અનુદાન આપતા રહેશો તો ટીપે-ટીપે સરોવર ભરાય તે ઉક્તીને ચરીતાર્થ કરવામાં સરળતા રહેશે.

અત્રે ઉલ્લેખ કરવું જરૂરી છે કે જે સહયોગી દાતા સભ્યો આ સંસ્થા સાથે જોડાયેલ રહીને અમને પ્રોત્સાહીત કર્યા છે. તેઓનો પુનઃઆભાર વતી નામોલ્લેખ કરીએ તો ઉચીત ગણાશે.

| | | | |
|---|---|---|---|
| ૩૬૧૦૦/- | રઘુવીરભાઈ મણીરામજી રામાનુજ | સુરેન્દ્રનગર | પાંચવર્ષના |
| ૫૧૦૦૦/- | માતુશ્રી ભાગુબા મણીરામજી રામાનુજ ચેરી.ટ્રસ્ટ | સુરેન્દ્રનગર | સંસ્થા તરફથી |
| ૧૦૫૦૦/- | રાજુભાઈ આદિત્યરામજી વૈષ્ણવ | સુરેન્દ્રનગર | બે વર્ષના |
| ૧૦૦૦૦/- | દિનેશભાઈ ગોપાલદાસ વૈષ્ણવ | સુરેન્દ્રનગર | બે વર્ષના |
| ૧૦૦૦૦/- | કમલેશકુમાર મનહરલાલ વૈષ્ણવ | વડોદરા | બે વર્ષના |
| ૧૦૦૦૦/- | ચન્દ્રકાંત સી દેવમુરારી | ભાવનગર | બે વર્ષના |
| ૧૦૦૦૦/- | ભાવેશકુમાર કિશોરભાઈ દેવમુરારારી | સુરત | બે વર્ષના |
| ૫૦૦૦/- | કાર્તિક રઘુવીરભાઈ રામાનૂજ | સુરેન્દ્રનગર | પ્રથમવર્ષના |
| ૨૫૦૦૦/- | દામોદરભાઈ વિઠ્ઠલદાસ અગ્રાવત | સુરેન્દ્રનગર | પાંચવર્ષના |
| ૧૦૦૦૦/- | સુરેશભાઈ બટુકલાલ નિમ્બાર્ક | અમદાવાદ | બેવર્ષના |
| ૫૦૦૦/- | કપીલ રામાનૂજ | હળવદ | પ્રથમવર્ષના |
| ૫૦૦૦/- | ભાવેશ રામપ્રસાદ કુબાવત | ખેરાળી | પ્રથમવર્ષના |
| ૨૫૦૦૦/- | પ્રફુલચંદ્ર ધરમદાસ રામાનૂજ | અમદાવાદ | પાંચવર્ષના |
| ૧૦૦૦૦/- | ડો.અશ્વિનભાઈ પુ. રામાનુજ | પાલીતાણા | બેવર્ષના |
| ૧૦૦૦૦/- | અચલા અનિલભાઈ વૈષ્ણવ | સુરેન્દ્રનગર | બેવર્ષના |
| ૨૫૦૦૦/- | ડો.સુભાષભાઈ ડી. અગ્રાવત | અમદાવાદ | પાંચવર્ષના |
| ૫૦૦૦/- | ભાવિક નિલેશભાઈ વૈષ્ણવ | સુરેન્દ્રનગર | પ્રથમવર્ષના |
| ૧૦૦૦૦/- | સરોજબેન પ્રભુદાસ નિમાવત | રાણાવાવ | બેવર્ષના |



ઉગવાની જેને ઉતાવળ હોય છે તે મોટે ભાગે બાવળ હોય છે.

| | | | |
|---|---|---|---|
| ૫૦૦૦/- | પ્રવિણમન્યુ પ્રાગદાસજી કુબાવત | અમદાવાદ | પ્રથમવર્ષના |
| ૧૦૦૦૦/- | ભરતભાઈ એમ વૈષ્ણવ | અંજાર (કચ્છ) | બે વર્ષના |
| ૫૦૦૦/- | ઘનશ્યામદાસબાપુ વજેરામજી રામાનુજ | સાવરકુંડલા | પ્રથમ વર્ષના |
| ૫૦૦૦/- | ચંદુલાલ રામદાસજી અગ્રાવત | બાઢડા | પ્રથમ વર્ષના |
| ૧૦૦૦૦/- | ઈશ્વરદાસ વી લશ્કરી | ભાવનગર | બે વર્ષના |
| ૫૦૦૦/- | ડો.જતીનભાઈ પ્રભુદાસ લશ્કરી | અમરેલી | પ્રથમ વર્ષના |
| ૨૫૦૦૦/- | ડો. અરૂણાબેન ડી. અગ્રાવત | રાજકોટ | પાંચ વર્ષના |
| ૫૦૦૦/- | કિશોરભાઈ કે રામાનુજ | સુરેન્દ્રનગર | પ્રથમ વર્ષના |
| ૨૫૦૦૦/- | ડો. હર્ષદભાઈ લશ્કરી | અમદાવાદ | પાંચ વર્ષના |
| ૧૦૦૦૦/- | માધવી ધ્રુપેશ કુબાવત | સાણંદ | બે વર્ષના |
| ૧૧૦૦૦/- | જલ્પા રઘુવીરભાઈ રામાનુજ | સુરેન્દ્રનગર | બે વર્ષના |
| ૧૧૧૦૦/- | નરેશભાઈ આર કુમાવત | સુરત | બે વર્ષના |
| ૫૦૦૦/- | મુકેશભાઈ રાઘેલાલ નિમાવત | સુરેન્દ્રનગર | પ્રથમ વર્ષના |
| ૧૦૦૦૦/- | ડો. શ્રુજન અગ્રાવત | રાજકોટ | બે વર્ષના |
| ૫૦૦૦/- | ભરતભાઈ શામળદાસ નિમાવત | રાજકોટ | પ્રથમ વર્ષના |
| ૫૦૦૦/- | રશીલાબેન શામળદાસ નિમાવત | રાજકોટ | પ્રથમ વર્ષના |
| ૫૦૦૦/- | ગોર્વધનદાસબાપુ આત્મરામજી અગ્રાવત | ચલાલા | પ્રથમ વર્ષના |

ઉપરની યાદી પરથી જણાશે કે કેટલાંક સભ્યોએ બે વર્ષની અથવા પૂરા પાંચ વર્ષની એમ એકી સાથે મોકલાવેલ છે. સર્વ દાતા-સભ્યોનો અંતઃકરણ પૂર્વક આભાર અસ્તું.

અમારો પત્ર કદાચ આપને લાંબો અને અનુકૂળ ન લાગે તો તે બદલ ક્ષમા યાચના. પરંતુ અમને લાગે છે કે યોજનાની પૂરી ભૂમિકા સમાજ સમક્ષ પુનઃમાહિતી સભર અહેવાલ રજૂ કરવા જણાતાં આપની સમક્ષ વિસ્તૃત રીતે કરેલ છે. આપ સૌના પ્રતિભાવ આપતાં રહેશો અને સંસ્થા સાથે જોડાયેલ રહેશો તો અમોને ખુશી થશે. આપના અમો છીએ.

- રઘુવીર રામાનુજ કન્વીનર -ટ્રસ્ટી
- ઘનશ્યામબાપુ રામાનુજ -ટ્રસ્ટી
- ડો. અશ્વિનભાઈ રામાનુજ -ટ્રસ્ટી
- ડો. સુભાષભાઈ અગ્રાવત -ટ્રસ્ટી
- રાજુભાઈ વૈષ્ણવ -ટ્રસ્ટી.



શ્રી આશાકાન્તભાઈ દેવમુરારી

# - વિજ્ઞપ્તિ -

## શ્રી આશાકાન્તભાઈ નિમ્બાર્ક વિદ્યોતેજક ટ્રસ્ટ આયોજીત
## રામચરિત માનસ કસોટી

**-: આયોજક :-**
**શ્રી લાભુબેન એમ દેવમુરારી (ભાવનગર)**



શ્રીમતિ લાભુબેન દેવમુરારી

આપણા રામાનંદીસાધુ સમાજ ના ગુજરાતના ત્રણેય મુખપત્રો. રામભકત, રામાનંદક્રાંતિ, રામાનંદિ વિકાસમાં ઉપરોકત કસોટી આપવામાં આવતી અને તેમાં ભાગલેનાર સભ્યોનાં પરિણામ બાદ પ્રથમ દ્રિતિય અને તૃત્યને આયોજક તરફથી રોકડ ઈનામ સાથે ફોટા સ્મૃતી ભેટ આપવામાં આવતી. તે સમયે જેતે કસોટીના પરિણામ બાદ ઈનામ સાથે શ્રીરામચંદ્રજી, લક્ષ્મણજી, ભરતજી અને શત્રુઘ્નજી ચારેય ભાઈઓ સાથે ઘોડે સવારીના ફોટા મોકલવામાં આવેલ તો આ ફોટાની હાલ જરૂર હોય જેમને આ ફોટા મળેલ છે તેમણે રામભકત કાર્યાલયે અથવા લાભુબેન દેવમુરારી ભાવનગરના સરનામે ફોટો મોકલી આપવો તે ફોટાની બીજી કોપી તૈયાર થયે ફોટો પરત મોકલી આપવામાં આવશે તો રામાયણ કસોટીના ભાગલેનાર સભ્યોએ આટલી કાળજી લેવા વિનંતી.

લી. લાભુબેન એમ દેવમુરારી ભાવનગર
C/O ડો. સુધાબેન મહેતા, સાંત્વન હોસ્પિટલ "માધવદિપ" કાળાનાળા ભાવનગર.

શ્રી ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ - સાવરકુંડલા

**સંસ્થાને 80-G હેઠળ કરમુકતી મળેલ છે.**

80G No. : AAFTS4033AF20218

સંસ્થાને દાન આપનાર દાતાને 80-G મુજબ કરમુકતી મળશે.

રામાનંદી સાધુ સમાજની ગૌરવગાથાને વર્ણવતું મુખપત્ર એટલે...
જ્યાં વસે રામાનંદી ત્યાં હશે, **રામભક્ત**



વાપર્યા પછી ચામચાનો હાત કેવો હોય છે ? એટલે સમજી વિચારીને ચમચમગીરી કરવી.

# સ્ત્રી-પુરુષ સમાનતા

રામનદી સાધુ સમાજના રામભક્તો માટે ભગવાન શ્રી રામ " મર્યાદા પુરુષોત્તમ "નું જીવંત પ્રતીક છે. તેમનું જીવન સ્ત્રી સન્માન અને સમાનતાના અનેક પ્રસંગોથી શોભે છે, જે આજે પણ આપણને માર્ગદર્શન આપે છે. આપણા સમાજની દીકરી શીતલબેન કાલિદાસ અગ્રાવતે પોતાના પુત્રનું નામ " રુદ્ર શીતલબેન અગ્રાવત " રાખીને સ્ત્રીની ઓળખને પ્રાધાન્ય આપ્યું છે, જે શ્રી રામની સ્ત્રી સન્માનની નીતિનું આધુનિક પ્રતિબિંબ છે.શ્રી રામ દ્વારા સ્ત્રી સન્માનનું ઉદાહરણ: અહલ્યાનો ઉદ્ધારરામાયણમાં અહલ્યાના ઉદ્ધારનો પ્રસંગ શ્રી રામના સ્ત્રી પ્રત્યેના આદરને ઉજાગર કરે છે. ઋષિ ગૌતમના શાપથી પથ્થર બની ગયેલી અહલ્યાને શ્રી રામે પોતાના ચરણોના સ્પર્શથી મુક્તિ આપી અને તેનું સન્માન પુનઃસ્થાપિત કર્યું. " શ્રી રામચરિતમાનસ "માં તુલસીદાસજી આ પ્રસંગને આ રીતે વર્ણવે છે:શ્લોક:

" चरन रज रघुनाथ जे लागी । तुरतहि देह धरि तेहि त्यागी ॥
सोइ अहल्या नारि समुझाई । राम कृपा भव संभव जाई ॥ "

(અર્થ: શ્રી રઘુનાથના ચરણોની રજ જેને લાગી, તેણે તુરંત પથ્થરનું શરીર ત્યજી દીધું. તે અહલ્યા સ્ત્રીને સમજાવવામાં આવી, અને રામની કૃપાથી તેનું સંસારનું દુઃખ દૂર થયું.)આ ઘટના દર્શાવે છે કે શ્રી રામે સ્ત્રીની ભૂલ હોવા છતાં તેની પવિત્રતા અને આત્મગૌરવને સન્માન આપ્યું. સીતાજીના સન્માનની રક્ષાશ્રી રામના જીવનનો મુખ્ય પ્રસંગ છે સીતાજીનું અપહરણ અને તેમની મુક્તિ. રાવણે સીતાજીનું હરણ કર્યું ત્યારે શ્રી રામે પોતાની પત્નીના સન્માન અને સ્વાતંત્ર્યની રક્ષા માટે સમગ્ર લંકા સામે યુદ્ધ લડ્યું. " શ્રી રામચરિતમાનસ "માં આ સંદર્ભે શ્લોક છે શ્લોક :

" सीता हरन राम क्रोध पावक जारा । लंका सागर सहित सब डारा ॥ "

(અર્થ: સીતાના હરણથી રામનો ક્રોધ અગ્નિની જેમ પ્રજ્વલિત થયો, અને લંકા સમુદ્ર સહિત સળગીને ભસ્મ થઈ ગઈ.)આ પ્રસંગ શ્રી રામના પત્ની પ્રત્યેના અટલ સમર્પણ અને સ્ત્રીના સન્માનની રક્ષાનું પ્રતીક છે.જાનકીનંદન અને જાનકીનાથ: શ્રી રામ અને પત્નીનું નામરામાયણમાં શ્રી રામને " જાનકીનંદન " (સીતાને આનંદ આપનાર) અને " જાનકીનાથ " (સીતાના પતિ) તરીકે સંબોધવામાં આવે છે, જે તેમની પત્ની સીતાજીની ઓળખને મહત્ત્વ આપે છે. આ ઉપાધિઓ શ્રી રામના ચરિત્રને સીતાજી સાથે અભિન્ન રીતે જોડે છે અને સ્ત્રીના સન્માનને ઉજાગર કરે છે. " જાનકીનંદન " અને " જાનકીનાથ "ને સમર્પિત કેટલાક સુંદર શ્લોકો આ પ્રમાણ છે શ્લોક ૧ :

" श्रीराम शरणं ममजानकीनाथ समारम्भं रामानन्दार्यमध्यमम् । अस्मदाचार्य पर्यन्तं वन्दे गुरु परम्पराम् ॥ "

(અર્થ: માતા સીતાના સ્વામી શ્રી રામથી શરૂ થયેલી અને શ્રી રામાનંદાચાર્યથી મધ્યમાં ચાલતી ગુરુ પરંપરાને અંત સુધી વંદન કરું છું.) આ શ્લોકમાં શ્રી રામને " જાનકીનાથ " તરીકે સંબોધીને સીતાજી સાથેના તેમના સંબંધની મહિમા કરવામાં આવી છે. શ્લોક ૨:

" श्रीरामचन्द्र कृपालु भज मन हरण भव भय दारुणम् । नवकंज-लोचन कंजमुख करकंज पदकंजारुणम् ॥ "

(અર્થ: હે મન! કૃપાળુ શ્રી રામનું ભજન કર, જે સંસારનાં ભયને હરનાર છે. જેમના નેત્ર, મુખ, હાથ અને પગ કમળ સમાન સુંદર છે.)આ શ્લોક શ્રી રામની કૃપાળુતા અને સીતાજીના પતિ તરીકેના તેમના દિવ્ય સ્વરૂપને વર્ણવે છે, જે " જાનકીનંદન "ની ભાવનાને પ્રતિબિંબિત કરે છે. ગંગાપુત્ર ભીષ્મ: માતાના નામથી પ્રચલિત મહાભારતમાં ભીષ્મને " ગંગાપુત્ર " તરીકે ઓળખવામાં આવે છે, જે તેમની માતા ગંગાના નામથી પ્રચલિત છે. આ ઉદાહરણ દર્શાવે છે કે પૌર પૌરાણિક પરંપરામાં પુત્રનું નામ માતા સાથે જોડાવું સ્વીકૃત હતું. જ્યારે શ્રી રામને " જાનકીનંદન " તરીકે પત્ની સીતાજી સાથે જોડવામાં આવે છે, તે સ્ત્રીના સન્માનનું એક અનોખું સ્વરૂપ રજૂ કરે છે. શીતલબેનનું પગલું: રામની નીતિનું આધુનિક સ્વરૂપ શીતલબેન કાલિદાસ અગ્રાવતે પોતાના પુત્રના નામ પછી પોતાનું નામ જોડીને " રુદ્ર શીતલબેન અગ્રાવત " રાખ્યું છે, જે પુરુષપ્રધાન પરંપરાને પડકારે છે. આ પગલું " ગંગાપુત્ર " જેવી માતૃસંબંધી પરંપરા અને " જાનકીનંદન " જેવા પત્ની સાથેના સન્માનની ભાવનાને પ્રતિબિંબિત કરે છે. તેમના આ કાર્યની નોંધ રાષ્ટ્રીય ચેનલ સમાચાર પત્રીએ લીધી છે, જે રામનદી સમાજ માટે ગૌરવની બાબત છે. રામભક્તો માટે પ્રેરણા રામભક્ત તરીકે આપણે શ્રી રામના સ્ત્રી સન્માનના આદર્શોને અનુસરવું જોઈએ. " જાનકીનંદન " અને " જાનકીનાથ "ના દિવ્ય શ્લોકો આપણને શ્રી રામની કૃપાળુતા અને સીતાજી પ્રત્યેના સમર્પણની યાદ અપાવે છે. શીતલબેનની આ પહેલને " રામભક્ત પત્રિકા "માં સ્થાન આપીને આપણે સમાજમાં જાગૃતિ લાવી શકીએ છીએ. શ્રી રામના માર્ગે ચાલીને સ્ત્રી-પુરુષ સમાનતાનો પાયો મજબૂત કરીએ.

સંકલન. રઘુવીર ભાઈ અગ્રાવત મીડિયા કનવિનર

## ટચુકડી વાત...

ક્ષણમાં દુનિયા કોઈપણ છેડે શકતા આપણે લાગણીઓના સ્તરે વધુને વધુ એકલા થઈ રહ્યા છીએ. એ સમય દુર નથી કે લાગણીઓ દર્શાવવાની નૈસર્ગીક આવડત પણ આપણે ભુલી જઈશું ! 'એકબીજા પ્રત્યે કેવી રીતે લાગણીઓ દર્શાવવી' તે અંગેના ક્રેશ - કોર્સ ભરવા પડે એવા સમય આવે તો પણ જવાઈ જહીં આજનાં સમયમાં પણ તમને કેટલાય એવા લોકો મળશે કે જે ચેટમાં વિવિધ પ્રકારના ઈમોજીસ સાથે પાંચ મિનિટ સંવેદનાસભર વાત કરતા અનેકવાર અચકાશે

- ડો.હંસેલ ભચેરા



લાગતી અને લાપસી સામેવાળાની પાચન ક્ષમતાને જાણ્યા વગર પીરસવાની ભૂલ ના કરવી

## જન્મદિન અને મેરેજ એનીવર્સરીની શુભેચ્છા.



મહુવા નિવાસી અમારા પિતા શ્રી માધવદાસ આર. અગ્રાવતની જન્મ તા.૦૨/૦૪/૧૯૫૭ છે. તા.૦૨/૦૪/૨૦૨૫ના રોજ તેઓએ ૬૮ વર્ષ પુર્ણ કરતા એક દિવસના - ૧ રૂપિયા પ્રમાણે એક વર્ષના રૂા.૩૬૫/- સંકલ્પ રૂપે કન્યા છાત્રાલય સાવરકુંડલાને અર્પણ કરેલ છે.

અમારા પિતા શ્રી અગ્રાવત માધવદાસ આર. અને અમારા માતા શ્રીમતી જ્યોત્સનાબેન માધવદાસ અગ્રાવત તેઓનો લગ્ન તા.૧૨/૦૩/૧૯૭૮ ને ૪૭ વર્ષ સુખરૂપ પુર્ણ કરેલ છે.

અમારા પિતા શ્રી તાલુકા પંચાયત કચેરી મહુવામાંથી ડેપ્યુટી એકાઉટન્ટ તરીકે તા.૩૦/૦૪/૨૦૧૫ના રોજ નિવૃત થઈને ૧૦(દસ) વર્ષ આનંદ અને શાંતી પુર્વક પુર્ણ કરેલ છે. હાલમાં તેઓ કોઈ પણ જાતના ચાર્જ વગર રામ કથા સત્સંગ કરી રહેલ છે. તેઓના દ્વારા ૩૦ જેટલી રામ કથા જુદા જુદા ધાર્મીક સ્થાને કરેલ છે.

તા.૨૨/૦૧/૨૦૨૫ થી ૩૦/૦૧/૨૦૨૫ સુધી મહાકુંભમાં પ્રયાગરાજ મુકામે બન્નેએ ત્રીવેણી સ્નાનનો લાભ લીધેલ છે.

:: શુભેચ્છક ::

અગ્રાવત વિજયકુમાર માધવદાસ • અગ્રાવત આશિષકુમાર માધવદાસ

નિશાંક - જીયાંશ - જીયાબેનની શુભકામનાઓ

રૂા.૫૦૦/- બેંક ખાતામાં જમા મળેલ છે.

# સારા વિચારો, સારી વાણી, સારું વર્તન



**મેનેજમેન્ટ ABCD**

**બી.એન.દસ્તુર**

સંસ્કૃત અને પારસી જરથોસ્તી ધર્મના ધર્મગ્રંથોની બારાખડી એકસરખી છે. બંને ધર્મોની ફિલસુફી પણ અલગ નથી.

શ્રીમદ્ ભગવદ ગીતામાં 'સારા વિચાર, સારી વાણી, સારું વર્તન'ને તપનો દરજ્જો આપવામાં આવ્યો છે, તો જરથોસ્તી ધર્મનો પાયો છે 'મનશ્ની, ગવશ્ની, કુનશ્ની'- સારા વિચાર, સારી વાણી, સારું વર્તન.

આજના અનિશ્ચિતતા અને અફડાતફડીથી છલકાતા માહોલમાં દરેક મેનેજરે પોતાની વિશ્વસનીયતાનું રક્ષણ કરવાનું છે. સંસ્થાના અને અંગત લક્ષ્યાંકો સર કરવા માટે કોમ્યુનિકેશન કરતા રહેવું પડે છે. રાત અને દિવસ, હુકમો, સલાહ-સૂચન, વિનંતીઓ વગેરેનાં કોમ્યુનિકેશનમાં અનેક બાધાઓ આવતી રહે છે. સૌથી મોટી બાધા છેવિશ્વસનીયતાનો અભાવ.

**સારા વિચારો**

સારા વિચાર માટે જરૂરી છે પ્રસન્ન મન, શાંત સ્વભાવ, ચિંતન કરવાની આવડત અને ચિંતન કરવા માટે સમય ફાળવવાની તૈયારી તથા અંતઃકરણની પવિત્રતા.

'મનની પ્રસન્નતા, શાંત સ્વભાવ. ચિંતન-મનન ઉપર નિયંત્રણ. અને અંતઃકરણની પવિત્રતા-એને માનસિક તપ કહેવામાં આવે છે.'' (ગીતા ૧૭/૧૬)

આપણાં શરીરમાં અંતઃકરણની અજોડ વ્યવસ્થા કરવામાં આવી છે, જે સૌને ખોટું વિચારતાં, બોલતાં, કરતાં રોકે છે અને ખોટા રસ્તે કંઈ મેળવ્યું હોય તો એનો પૂરો આનંદ લેતાં રોકે છે, પણ અંતઃકરણમાં એક 'મેન્યુફેક્ચરિંગ ડિફેક્ટ' છે. એને એક જ વાર 'ચૂપ મરવાનો' હુકમ કરો તો એવું ઊંઘી જાય છે કે એને ફરી જગાડવું લગભગ અશક્ય બની જાય છે.

આ કારણથી મેનેજરના અંતઃકરણમાં પવિત્રતા ન હોય તો સારા વિચારો શક્ય નથી.

**સારી વાણી**

વાણીથી કરાતું કોમ્યુનિકેશન સૌથી વધારે અસરકારક હોય છે. 'જે વાણી ઉદ્વેગ ન કરનાર, પ્રિય અને હિતકારક તથા સત્ય છે અને શસ્ત્રોનો અભ્યાસ- આ બધું વાણીસંબંધી તપ કહેવાય છે.' (ગીતા ૧૭/૧૫)

અનુભવ એવો છે કે પોતાની આવડતની, કાર્યદક્ષતાની, પ્રતિભાની ઊણપ છુપાવવા માટે નબળા મેનેજરો બરછટ ભાષાનો આશરો લેતા હોય છે.

ઢંગધડા વિનાની, એમબીએની ડિગ્રી અને મેનેજમેન્ટના વિષયોના ડિપ્લોમા વેચતી હાટડીઓ દુનિયાભરમાં સક્રિય છે. ચારસો ડોલરમાં અમેરિકામાં પીએચડી મળી જાય છે. આવી હાટડીઓને કમાણી કરાવનાર મેનેજરો ડરનો માહોલ ઊભો કરી કામ લેવાના પ્રયત્ન કરતા રહે છે. આવા, જીભઉપર નિયંત્રણ રાખી ન શકતા બેકાર મેનેજરો, અસરકારક નોલેજ વર્કરોને સાચવી શકતા નથી અને સંસ્થાઓનાં બારમાં જમાડતાં રહે છે.

**સારું વર્તન**

મહદ અંશે આપણું વર્તન આપણા ઉપરીઓ, રોલ મોડલો, મેન્ટરોનાં વર્તન ઉપર આધારિત રહે છે. એ ભૂલી જવાય છે કે જ્ઞાનના ઈજારા નથી હોતા અને રેડિયો નાનો હોય તો એમાંથી નીકળતા સમાચાર ખોટા નથી હોતા. અદનામાં અદના કર્મચારીની વાત સાંભળી જરૂર જણાય તો વર્તન બદલતો મેનેજર એના મદદનીશોનું વર્તન બદલી શકે છે.

કિશન મહારાજે એમની ગીતામાં (૧૭/૧૪) જ્ઞાની તરફના આદરભાવને, પવિત્રતા, સરળતા ઈન્દ્રિયો ઉપર નિયંત્રણ અને અહિંસાને તપનો દરજ્જો આપ્યો છે. આજના મેનેજર શો-કેસમાં છે અને એના નોન-વર્બલ બહેવિયરની નોંધ લેવાતી રહે છે.

સફળતા માટે ત્રેવણી સંગમમાં સ્નાન કરવાની જરૂર નથી. સારા વિચાર, સારી વાણી અને સારાં વર્તનનો સંગમ, હેડ ક્વાર્ટર છોડ્યા વિના નાણાં, પ્રમોશન અને સોહરત આપી જશે.

વર્તમાન પત્રમાંથી આભાર...



ક્યારેય ન ભરાય એવો એક 'ઘાવ' છે. એનું જ નામ 'લગાવ' છે.

# કાચની બરણી... ને બે કપ ચા...

**:: એક બોધ કથા ::**

જીવનમાં જયારે બધું એક સાથે અને જલ્દી-જલ્દી કરવાની ઈચ્છા થાય... બધું ઝડપથી મેળવવાની ઈચ્છા થાય અને આપણને દિવસના ૨૪ કલાક પણ ઓછા લાગવા લાગે... ત્યારે આ બોધકથા " કાચની બરણી ને બે કપ ચા " ચોક્કસ યાદ આવવી જોઈએ....!!!

દર્શનશાસ્ત્રના એક સાહેબ (ફિલોસોફીના પ્રોફેસર) વર્ગમાં આવ્યા અને વિદ્યાર્થીઓને કહ્યું કે એ આજે જીવનનો એક મહત્વપૂર્ણ પાઠ ભણાવવાના છે... એમણે પોતાની સાથે લાવેલી એક મોટી કાચની બરણી (જાર) ટેબલ પર રાખી એમાં ટેબલ ટેનિસના દડા ભરવા લાગ્યા અને જ્યાં સુધી એમાં એકપણ દડો સમાવાની જગ્યા ન રહી ત્યાં સુધી ભરતા રહ્યા...પછી એમણે વિદ્યાર્થીઓને પૂછ્યું, શું આ બરણી ભરાઈ ગઈ છે.... ?

" હા " નો અવાજ આવ્યો....

પછી સાહેબે નાના-નાના કાંકરા એમાં ભરવા માંડ્યા, ધીરે-ધીરે બરણી હલાવી તો ઘણાખરા કાંકરા એમાં જ્યાં-જ્યાં જગ્યા ખાલી હતી ત્યાં-ત્યાં સમાઈ ગયા...

ફરી એક વાર સાહેબે પૂછ્યું, શું હવે આ બરણી ભરાઈ ગઈ છે...?

વિદ્યાર્થીઓએ એકવાર ફરીથી " હા " કહ્યું....

હવે સાહેબે રેતીની થેલીમાંથી ધીરે-ધીરે તે બરણીમાં રેતી ભરવાનું શરૂ કર્યું, રેતી પણ બરણીમાં જ્યાં સમાઈ શકતી હતી ત્યાં સમાઈ ગઈ... એ જોઈ વિદ્યાર્થીઓ પોતાના બંને જવાબ પર હસવા માંડ્યા...

ફરી સાહેબે પૂછ્યું, " કેમ.. ? હવે તો આ બરણી પૂરી ભરાઈ ગઈ છે ને... ? "હા... હવે તો પૂરી ભરાઈ ગઈ..!!! "

